પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩૪ | ૨૪ જુલાઈ, ૨૦૨૧, શનિવાર; અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**આજની પ્રાર્થના....**

ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ

# મહારાષ્ટ્રમાં જળપ્રલય : ભૂસ્ખલનથી ૪૪ના મોત

## રાયગઢના મહાડમાં ભૂસ્ખલન થતાં ૩૬ લોકોનાં મોત, ૩૦ જણાં લાપતા : ૧૫ લોકોને રેસ્ક્યુ કરાયા, એનડીઆરએફની ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું : અનેક ગામો સંપર્ક વિહોણા

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભૂસ્ખલન થયા બાદ કાટમાળમાં દબાઈ જવાથી ૪૪ લોકોના મોત થયા છે. મહાડ વિસ્તારમાં અલગ અલગ ત્રણ જગ્યાએ ભૂસ્ખલન થયું છે. પહાડ ધસી પડવાથી જે કાટમાળ પડ્યો તેમાં અનેક લોકો દટાયા. હવે રેસ્ક્યૂ કરીને લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે.

જો કે શુક્રવારે બપોર સુધી ૩૫ મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે હજુ પણ ૩૦થી ૩૫ લોકો ફસાયેલા હોવાની આશંકા છે. મળતી માહિતી મુજબ અત્યાર





સુધીમાં કુલ ૧૫ લોકોને રેસ્ક્યૂ કરાયા છે. જ્યારે એનડીઆરએફની ટીમ ઘટના સ્થળે રેસ્ક્યૂ ઓપરેશન કરી રહી છે. મહારાષ્ટ્રમાં આજે સવારે મુંબઈમાં પણ અકસ્માત થયો. પૂર્વત્તર મુંબઈના પરા વિસ્તાર ગોવંડીમાં એક ઈમારત ધસી પડવાથી ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા અને ૧૦ જેટલા લોકો ઘાયલ થયા છે. આ ઘટના સવારે ૫ વાગે ઘટી. જ્યારે શિવાજી નગરમાં એક ઈમારત તૂટી પડી. ઘટના સમયે પીડિતો ઊંઘી રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યસભામાં હાથમાંથી કાગળ છીનવી ફાડનાર સાંસદ શાંતનુ સમગ્ર સત્ર માટે સસ્પેન્ડ

ન્યુ દિલ્હી,તા.૨૩

રાજ્યસભામાં કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ પાસેથી કાગળ છીનવીને ફાડનારા ટીએમસી સાંસદ શાંતનુ સેનને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. શાંતનુ સેન હવે ચોમાસુ સત્રના બાકીના સેશનમાં ગૃહની કાર્યવાહીમાં ભાગ નહીં લઈ શકે. સસ્પેન્શન બાદ રાજ્યસભાના સભાપતિએ તેમને બહાર જવા કહ્યું. રાજ્યસભામાં સરકારે શુક્રવારના શાંતનુ સેનને સદનની બાકીની કાર્યવાહીથી બહાર રાખવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સભાપતિએ આ પ્રસ્તાવ પર કાર્યવાહી કરી છે. ઉલ્લેખનીય છે કે ગુરૂવારના ટીએમસી સાંસદ શાંતનુ સેને રાજ્યસભાની કાર્યવાહી દરમિયાન માહિતી ટેકનોલોજી અને સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવના હાથમાંથી કાગળ ઝૂંટવીને તેને ફાડી દીધા હતા અને હવામાં ફેંક્યા હતા. કેન્દ્રીય મંત્રી વૈષ્ણવ તે સમયે રાજ્યસભામાં પેગાસસ સૉફ્ટવેર દ્વારા જાસૂસી કરવા સંબંધિત સમાચારો અને આ મામલે વિપક્ષના આરોપો પર નિવેદન આપી રહ્યા હતા. ગઈકાલથી ચર્ચામાં રહેલા ટીએમસી સાંસદ શાંતનુ સેન ડૉક્ટર છે.

## હંગામા બાદ લોકસાભા સોમવાર સુધી સ્થગિત

### પેગાસસ સહિત વિવિધ મુદ્દાઓ પર વિપક્ષી સાંસદોએ કર્યો હોબાળો

ન્યુ દિલ્હી,તા.૨૩

પેગાસસ જાસૂસી ઘટના, ત્રણ નવા કેન્દ્રીય કૃષિ કાયદા સહિત વિવિધ મુદ્દાઓ પર કોંગ્રેસ અને અન્ય વિપક્ષી સભ્યોએ ભારે હોબાળો કરતા લોકસભાની કાર્યવાહી શુક્રવારના રોજ પણ સ્થગિત કરવામાં આવી. તમામ પ્રયાસો કર્યા પછી પણ વિપક્ષના સાંસદોના વર્તનમાં કોઈ બદલાવ જોવા ના મળ્યો અને આખરે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સંસદની કાર્યવાહી સોમવાર, ૨૬ જુલાઈ સુધી સ્થગિત કરી દીધી. ઉલ્લેખનીય છે કે અત્યારે સંસદમાં ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે.

સવારે સંસદની કાર્યવાહી શરુ થઈ તો લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ઓલિમ્પિક્સ રમતો માટે ભારતીય રમતવીરોને શુભકામનાઓ પાઠવી અને પ્રશ્નકાળની શરુઆત કરી. ત્યારપછી અમુક વિપક્ષના સભ્યોએ નારા લગાવ્યા હતા અને અધ્યક્ષના આસન સુધી પહોંચી ગયા હતા. અમુક સભ્યોના હાથમાં પોસ્ટર હતા જેમાં પેગાસસ જાસૂસી બાબતે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ થાય તેની માંગ વિષે લખવામાં આવ્યુ હતું.

આ હોબાળા દરમિયાન સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવે પોતાના મંત્રાલયો સંબંધિત પૂરક પ્રશ્નોના ઉત્તર આપ્યા. ઓમ બિરલાએ નારા બોલાવી રહેલા વિપક્ષના સભ્યોને પોતાના સ્થાન પર જવાની અને કોવિડના નિયમોનું પાલન કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે, કોવિડ સંક્રમણ અને રસીકરણ પર વાત ચાલી રહી છે. તમે લોકોએ માસ્ક નથી પહેર્યું.

● અનુસંધાન પાન-૭ પર

## લાંબા સમયે નવજોત સિધ્ધૂ અમરિંન્દર સાથે જોવા મળ્યા

ચંદિગઢ, તા.૨૩

પંજાબમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાં સર્જાયેલું સંકટ અમુક અંશે ઘટતું જણાય છે. આજે એટલે કે શુક્રવાર સવારથી કોંગ્રેસી નેતા નવજોત સિંહ સિદ્ધુ પંજાબ કોંગ્રેસનું અધ્યક્ષ પદ સંભાળ્યું.

નવજોત સિંહ સિદ્ધુની તાજપોશી પહેલા મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે તમામ ધારાસભ્યો અને પંજાબ કોંગ્રેસના અધિકારીઓને ટી પાર્ટી માટે બોલાવ્યા હતા. પંજાબ ભવન ખાતે યોજાયેલી ટી પાર્ટીમાં નવજોત સિંહ સિદ્ધુ સહિત અન્ય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ટી પાર્ટીમાં લાંબા સમય બાદ સિદ્ધુ અને કેપ્ટન એક મંચ પર જોવા મળ્યા હતા.

## સુરક્ષાદળોએ ડ્રોન તોડી પાડ્યું, પાંચ કિલો વિસ્ફોટકો મળ્યા

નવી દિલ્હ, તા.૨૩

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. અખનૂર વિસ્તારમાં પોલીસે ડ્રોન તોડી પાડ્યું છે. મળતી માહિતી મુજબ ડ્રોનમાંથી પોલીસને વિસ્ફોટકો પણ મળી આવ્યા છે. મળતી માહિતી મુજબ તોડી પાડવામાં આવેલા ડ્રોનમાંથી ૫ કિલોગ્રામ IED મળી આવ્યું છે. જેને અસેમ્બલ કરીને આતંકીઓ તેનો ઉપયોગ આતંકી ગતિવિધિઓમાં કરી શકે તેમ હતા.

**જોઈએ છે**

**EGMS Edutech Pvt. Ltd.**

Office Manager with Good Skills of Tele Communication.

Salary Range : 8k to 15K

Office : A-312, Radhe Squre, Reliance Chowkdi, Gandhinagar

Contact
+918128765856
+917069360693

PREPARING YOU FOR EXCELLENCE & BEYOND

**BE • ME • MBA**

GIT "WHERE SUCCESS IS A TRADITION" | 15 YEARS OF EXCELLENCE IN EDUCATION

UNDER GRADUATE COURSES (B.E.)
- Mechanical Engineering
- Computer Engineering
- Civil Engineering
- Electrical Engineering
- Information Technology
- Electronics & Communication Engineering

POST GRADUATION COURSES (M.E. / MBA)
- Mechanical Engineering
  - Thermal Engineering
  - CAD / CAM
- Computer Engineering
  - Software Engineering
- Master of Business Administration
  - Marketing, Finance
  - Human Resource, IT

STUDENTS ACHIEVEMENTS
- Won the M2M Challenge introduced by i-Hub, Govt of Gujarat Enterprise - March 2021
- Winners of Smart City Hackathon 2020 hosted by Education Dept, Govt of Gujarat - Jan 2020
- Student of MBA (2017-2019) awarded Gold Medal by GTU - Jan 2020
- Computer Engg & IT students - Winners of Smart City Hackathon 2019, IIT Kanpur
- Achieved 3rd rank in FORMULA BHARAT competition held at Delhi in Jan 2019 for Overall Category and 1st rank in Endurance Category

MoUs
- 15+ Active MoUs with Industries of repute like All Automatic, CRI Tips etc. to provide industry experience, training in manufacturing, quality control and project management to students along with Internships
- MoU with GUJCOST to foster creativity, innovation & patents

VIRTUAL ACTIVITIES (2020-21)
- ✓ 22,000+ hours of online lectures
- ✓ 850+ video lectures prepared by Faculty members
- ✓ 85+ online webinars conducted
- ✓ 5000+ students appeared for online examinations
- ✓ 60+ Online project reviews
- ✓ 6 design patents registered from Mechanical Engineering Department
- ✓ Organized 2 online Hackathons for GIT students
- ✓ Conducted online Cultural Festival
- ✓ Alumni talks conducted

MANAGED BY PLATINUM FOUNDATION

**GANDHINAGAR INSTITUTE OF TECHNOLOGY**

"WHERE SUCCESS IS A TRADITION"

(Approved by AICTE and Affiliated to Gujarat Technological University)

Khatraj-Kalol Road, Moti Bhoyan, Ta. Kalol, Dist. Gandhinagar - 382721.

9904405900, 9904405901 director@git.org.in www.git.org.in

Initiated by Divya Bhaskar **SPOT ADMISSION COUNSELLING** Date: 24th & 25th July'21 | Time: 10 am to 7 pm
At: Divya Bhaskar House, Nr. YMCA Club, S.G. Highway, A'bad.

**વાછાણી હોસ્પિટલ**

NABH Certified

'૦'-'૦' એરર ટેક્નોલોજી

ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યા ઢીંચણનો સાંધો કોમ્પ્યુટરની મદદથી અલાઇન કરવામાં આવે છે.

સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિ દ્વારા સાંધાની રિપ્લેસમેન્ટ સર્જરી

૨૪ કલાક તાત્કાલિક સારવાર

કેશલેસ સુવિધા ઉપલબ્ધ

• વધુ માહિતી માટે સપર્ક કરો •

મો. ૯૫૧૨૩૫૫૫૬૩
૭૬૨૧૦૧૨૭૮૫

૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

**PRARAMBH**
Smart City for Smart Senior Citizens

Welcome To The Prarambh Smart TownShip

અડધા રોકાણમાં આખા જીવતરની શાંતિ



Facilities & Amenities Available @ Township

24x7 Medical Facility | Restaurant | Club House | Mandir | Fully Furnished Villa

For More Details Please Call : 84960 49604

Site : After Crossing Bavla Bridge, Near Bavla APMC Market, Right Turn From Dhedhal Corss Road, Bavla, Ahmedabad.